ચીખલીના અંબાચ ગામે પારિવારિક વિવાદમાં ખૂની ખેલ

પિતાએ ચપ્પૂ મારી પુત્રને પતાવી દીધો

પુત્રને બચાવવા વચ્ચે પડેલા દાદા અને માતા પર પણ હુમલો કરનાર પિતાની ધરપકડ

પિતા

પુત્ર

ઘેજ : ચીખલી તાલુકાના અંબાચ ગામે પારિવારિક ઝઘડામાં પિતાએ ૨૫ વર્ષીય યુવાન પુત્રની હત્યા કરતા નાના બાળકે પિતાની છત્રછાયા ગુમાવી હતી. પિતાએ પોતાના જ યુવાન પુત્રને ચપ્પુના ઘા મારી હત્યા કરી નાંખતા ચકચાર મચી જવા પામી છે. પુત્રને બચાવવા વચ્ચે પડેલા દાદા અને માતાને પણ ચપ્પુ લાગતાં બંનેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ચીખલી પોલીસે આરોપી પિતાની ધરપકડ કરી હતી.

અંબાચ ગામે રહેતો નિલેશ પટેલ ચિકન સેન્ટરની દુકાન ચલાવતો હતો. શુક્રવારે રાત્રે નિલેશે પત્ની ભારતીબેનને ફોન કરી ચિકનની દુકાને આવવા માટે જણાવતા પત્નીએ પૌત્ર સાથે સૂતેલો હોવાનું જણાવી દુકાને આવવાની ના પાડતાં ઉશ્કેરાઈયેલા નિલેશે ઘરે પહોંચી તું આ લોકોના છોકરાને કેમ રાખે છે તું એ લોકોને આપી દે તેમ જણાવી પત્ની સાથે ઝઘડો કર્યો હતો.

આ દરમિયાન માતા-પિતા વચ્ચે ચાલી રહેલા ઝઘડામાં પુત્ર સૂરજે ઘરે આવી ઝઘડો કરવાની ના પાડતા આરોપી નિલેશે સૂરજને પકડી લઈ ચપ્પુ વડે સૂરજના છાતીના ભાગે મારતા ગંભીર ઈજા થતાં સૂરજનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે સૂરજને બચાવવા જતા દાદા ચીમનભાઈ પટેલ તેમજ માતા ભારતીબેનને ચપ્પુના ઘા મારી આરોપી સ્થળ ઉપરથી ભાગી છૂટ્યો હતો. જોકે લોહિયાળ જંગમાં આજુબાજુના લોકોએ ઈજાગ્રસ્ત પત્ની અને ચીમનભાઈને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પોલીસે ભારતીબેન નિલેશભાઈ પટેલ (ઉ.વ-૪૫ રહે.અંબાચ ઓરવાડ ફળીયા તા.ચીખલી જી.નવસારી) ની ફરિયાદ મુજબ હત્યાનો ગુનો નોંધી આરોપી નિલેશ ચીમનભાઈ પટેલ (ઉ.વ-૪૮)ને ગણતરીના કલાકોમાં ઝડપી પાડી હત્યામાં ઉપયોગમાં લેવાયેલું ચપ્પુ કબજે કરી વધુ તપાસ પીઆઈ-પી.બી.પટેલીયાએ હાથ ધરી હતી.

ગણદેવીમાં ૨૧ અને ખેરગામમાં ૧૮ મીમી વરસાદ

નવસારી : નવસારી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં તમામ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે, પરંતુ તાલુકાવાર આંકડા વરસાદના અસમાન વિતરણની સ્થિતિ દર્શાવે છે. ગણદેવીમાં સૌથી વધુ ૨૧ મીમી, ખેરગામમાં ૧૮ મીમી અને વાંસદામાં ૧૩ મીમી વરસાદ નોંધાયો છે, જ્યારે નવસારી અને ચીખલીમાં ૧૨-૧૨ મીમી તથા જલાલપોરમાં માત્ર ૮ મીમી વરસાદ થયો છે. વરસાદથી ગરમીમાં રાહત સાથે જમીનમાં ભેજ વધ્યો છે, જે ખેતી માટે ફાયદાકારક બની શકે છે. નવસારીમાં મહત્તમ તાપમાન ૨૯.૮ અને લઘુત્તમ ૨૬.૮ ડિગ્રી નોંધાયું છે. ઊંચી ભેજ વચ્ચે વરસાદી માહોલથી વાતાવરણ ઠંડુગાર બન્યું છે. તાજેતરના અહેવાલોમાં પણ ગણદેવી સહિત નવસારી જિલ્લામાં વરસાદી સક્રિયતા નોંધાઈ છે.

વાંસદામાં ૮૦મા સ્વતંત્રતા પર્વની જિલ્લા કક્ષાની ભવ્ય ઉજવણી

પૂર અને આપત્તિ સમયે ઉત્કૃષ્ટ સેવા આપનાર કર્મવીરોનું સન્માન કરાયું

નિલેશ કાપડિયા

વાંસદા : વાંસદામાં 15મી ઓગસ્ટના 80મા સ્વાતંત્ર્ય પર્વની જિલ્લા કક્ષાની ભવ્ય ઉજવણી દેશભક્તિના માહોલમાં કરવામાં આવી હતી. આ પ્રસંગે નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવી ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

સમારોહમાં જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ વડા સહિત જિલ્લા અને તાલુકા કક્ષાના પદાધિકારીઓ, પ્રાંત અધિકારી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, સાંસદ ધવલ પટેલ સહિતના અધિકારીઓ, પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ, સ્થાનિક આગેવાનો, શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સામાજિક ક્ષેત્રે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ તેમજ તાજેતરમાં થયેલા ભારે વરસાદ અને પૂર દરમિયાન નવસારી જિલ્લા સહિતના અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરીમાં યોગદાન આપનાર જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ, સેવાભાવી સંસ્થાઓ અને નાગરિકોની કામગીરીને બિરદાવવામાં આવી હતી.

સમારોહમાં વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિથી ભરપૂર સાંસ્કૃતિક અને રંગારંગ કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. ગીત, નૃત્ય તેમજ વિવિધ દેશભક્તિપૂર્ણ રજૂઆતો દ્વારા વિદ્યાર્થીઓએ ઉપસ્થિત સૌમાં રાષ્ટ્રપ્રેમની ભાવના જગાવી હતી.

સેલ્ફીના ચક્કરમાં કિશોરી દમણગંગામાં તણાઈ ગઈ

પરિવાર સાથે સેલવાસ ફરવા આવેલી કિશોરીનો બીજા દિવસે મૃતદેહ મળ્યો

વાપી: મૂળ બિહારના વતની અને હાલ દાનહના મસાટ ગામમાં રહેતો પરિવાર ૧૫મી ઓગષ્ટે સેલવાસના નક્ષત્ર ગાર્ડન અને દમણગંગા નદી કિનારે ફરવા ગયો હતો. આ દરમિયાન પરિવારની ૧૫ વર્ષીય કિશોરી કિંજલકુમારી સેલ્ફી લેવાના નાદમાં નદીના પથ્થર પર પહોંચતા અચાનક પગ લપસી જવાથી પાણીના પ્રવાહમાં તણાઈ ગઈ હતી.

પરિવારજનોની બૂમાબૂમ બાદ ફાયર અને પોલીસ વિભાગની ટીમો તેમજ તરવૈયાઓએ મોડી રાત સુધી શોધખોળ કરી હતી, પરંતુ તેનો પત્તો લાગ્યો ન હતો. બીજા દિવસે રવિવારે સઘન તપાસ દરમિયાન નદીના પથ્થરો વચ્ચે ફસાયેલી હાલતમાં કિશોરીનો મૃતદેહ મળી આવ્યો હતો. આ દુર્ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. કિશોરીના અચાનક મોતના પગલે શોકનું મોજું ફરી વળ્યું છે.

ડાંગ વિકાસની નવી ઊંચાઈએ : મંત્રી

ડાંગ જિલ્લાના સુબીરમાં ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી કરવામાં આવી

ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાના સુબીર ખાતે સ્થિત નવજ્યોત હાઈસ્કૂલ ખાતે ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. પ્રભારી મંત્રી ડો. જયરામ ગામીતના વરદ હસ્તે તિરંગાને સલામી આપી ધ્વજવંદન કરાયું હતું. પરેડ કમાન્ડર એચ.એસ.માલવના નેતૃત્વમાં પરેડનું પ્રભારી મંત્રીએ નિરિક્ષણ કરી સૌનું અભિવાદન ઝીલ્યુ હતું.

આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'રાષ્ટ્ર પ્રથમ' અને 'વિકસિત ભારત @૨૦૪૭' ના સંકલ્પ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત પ્રગતિ કરી રહ્યું છે. ડાંગ જિલ્લો પણ શિક્ષણ, આરોગ્ય અને રોજગારી ક્ષેત્રે આગળ વધી રહ્યો છે.

સાપુતારા મોન્સુન ફેસ્ટિવલ પ્રસંગે આહવા ખાતે રૂપિયા ૧૨.૧૪ કરોડના સ્ટાફ ક્વાર્ટર્સ, વઘઈમાં રૂપિયા ૨૧.૫૦ કરોડની આદર્શ નિવાસી કુમાર શાળાનું લોકાર્પણ, રૂપિયા ૨૪.૧૦ કરોડની આદર્શ નિવાસી કન્યા શાળાનું ઈ-ખાતમુહૂર્ત તેમજ ભવાનદગડ ખાતે રૂપિયા ૭.૪૭ કરોડના ખર્ચે દિવ્યાંગ-મૈત્રીપૂર્ણ નવી ARTO કચેરીની ભેટ અપાઈ છે. ડાંગને ૧૪ જેટલી નવી એસ.ટી.બસો પણ ફાળવાઈ છે.

શિક્ષણ ક્ષેત્રે માર્ચ-૨૦૨૬ની બોર્ડ પરીક્ષામાં ડાંગે ધોરણ-૧૦ અને ૧૨માં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. પ્રાકૃતિક ખેતી અપનાવી ડાંગે 'એગ્રીકલ્ચર સિલ્વર સ્કોચ એવોર્ડ' મેળવ્યો છે. જળસંચય અને ૧૦૦% નળ જોડાણ સહિત અનેક લોકકલ્યાણકારી યોજનાઓ થકી જિલ્લાનો સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે.

સુબીર તાલુકાના વિકાસ માટે રૂપિયા ૨૫ લાખનો ચેક જિલ્લા વિકાસ અધિકારીને અર્પણ કરાયો હતો. વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ૪૫ કર્મચારીઓ તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ ઉજવણીમાં નાયબ મુખ્ય દંડક વિજય પટેલ, ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશ ગામીત, સુબીર તાલુકા પંચાયત પ્રમુખ સંજય પવાર, જિલ્લા સદસ્ય મંગળ ગાવિત, વાસૂર્ણાના રાજવી ધનરાજસિંહ સૂર્યવંશી, પિપંરીના રાજવી ત્રિકમરાવ પવાર, નવજ્યોત હાઈસ્કૂલના વડા ફાયર અશોક વાઘેલા, ફાયર ફાનશીસ પરમાર, કલેક્ટર એન.ડી.પરમાર, જિલ્લા વિકાસ અધિકારી ફુલદીપસિંહ ઝાલા, જિલ્લા પોલીસ વડા પૂજા યાદવ, દક્ષિણ ડાંગના નાયબ વન સંરક્ષક નિરજકુમાર, ઉત્તર ડાંગના નાયબ વન સંરક્ષક મુરારીલાલ મિણા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એસ.ડી.તબિયાર, પ્રાયોજના વહીવટદાર ડો. મયુર પરમાર, નિવાસી અધિક કલેક્ટર હિતેશ જણકાટ, પ્રાંત અધિકારી યુ. વી. પટેલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી હિરલ પટેલ, કાર્યપાલક ઈજનેર કેતન કુંકણા સહિતના ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિજય ખાંભુ અને અસ્મિતા બારોટે કર્યુ હતુ.

દાનહ-દમણ-દીવમાં ઉલ્લાસપૂર્વક દેશના સ્વતંત્રતા દિવસની ઉજવણી

દીવના ઘોઘલાના કાર્યક્રમમાં પ્રદેશના પ્રશાસકે તિરંગાને લહેરાવી વિકાસોની જાણકારી આપી

દમણ : સંઘપ્રદેશ દીવના ઘોઘલા જેટીમાં દેશનો 80મો સ્વાતંત્ર્ય દિવસ ઉજવાયો હતો. સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવના પ્રશાસક પ્રફુલ પટેલે રાષ્ટ્રીય ધ્વજ ફરકાવી પ્રદેશવાસીઓને શુભેચ્છા પાઠવી હતી. પોતાના સંબોધનમાં તેમણે સંઘપ્રદેશમાં થઈ રહેલા વિકાસકામો તેમજ આગામી યોજનાઓની વિગતો રજૂ કરી હતી. પ્રશાસકે જણાવ્યું કે, દમણમાં કોમર્શિયલ એરપોર્ટનું નિર્માણ પૂર્ણ થઈ ગયું છે અને નાગરિકો તેનો સુવ્યવસ્થિત રીતે લાભ લઈ શકશે. દીવ એરપોર્ટના વિસ્તરણ સાથે ભવિષ્યમાં એરબસ-320 જેવા મોટા વિમાનોના સંચાલનની સુવિધા ઉપલબ્ધ કરાવવાની દિશામાં કામગીરી હાથ ધરાશે. આ પ્રદેશમાં જેઠીબાઈ નવા બસ સ્ટેન્ડનું નિર્માણ પણ લગભગ પૂર્ણ થયું હોવાનું તેમણે જણાવ્યું હતું. શિક્ષણ ક્ષેત્રે ડ્રોપઆઉટમાં ઘટાડો, પ્રવેશમાં વધારો તથા આધુનિક શૈક્ષણિક સુવિધાઓની સાથે મેડિકલ, એન્જિનિયરિંગ અને નર્સિંગ કોલેજોનો લાભ વિદ્યાર્થીઓને હાલ મળી રહ્યો છે. સર્વેક્ષણના માપદંડોમાં દીવ 784 જિલ્લાઓમાં પ્રથમ સ્થાને રહ્યું હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો. આરોગ્ય ક્ષેત્રે સરકારી હોસ્પિટલમાં સિટી સ્કેનની સુવિધાઓને શરૂ કરાશે, જ્યારે મહિલાઓ માટે મેમોગ્રાફીની સુવિધા પણ ઉપલબ્ધ કરાશે. દીવના 8,045 ઘરોને નવી સીવેરેજ વ્યવસ્થા સાથે જોડવાનું કામ પૂર્ણ થયું છે. સમારોહમાં સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે પુરસ્કારોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. બીજી તરફ મોટી દમણ લાઈટ હાઉસ ખાતે દમણના કલેક્ટર શૌરભ મિશ્રાએ લોકોને સ્વતંત્રતા પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી. જ્યારે દાનહમાં કોર એરિયા સ્ટેડિયમ ગ્રાઉન્ડ ખાતે દાનહના કલેક્ટર પ્રિયાંક કિશોરની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો.

સંક્ષિપ્ત સમાચાર

વાપી મનપામાં મહિલા મેયરના હસ્તે ધ્વજવંદન

વાપી : વાપી મહાનગરપાલિકા ખાતે દેશના ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની મેયર દક્ષાબેન પટેલના વરદ હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવી ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ધ્વજવંદન બાદ મેયર દક્ષાબેન પટેલે ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી ઉદબોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં ડેપ્યુટી મેયર મિતેશ દેસાઈ, ચૂંટાયેલા કાઉન્સિલરો, મ્યુનિસિપલ કમિશનર એન.એફ. ચૌધરી, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર કિરણસિંહ રાણા, કર્મચારીઓ, નગરજનો, બાળકો તથા વ્હોરા સમાજના બેન્ડ દ્વારા રજૂ કરવામાં આવેલા સંગીતથી વાતાવરણ દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું.

વાપીમાં વી.આઈ.એ. ઓડિટોરિયમમાં ૪૦ મા સ્વતંત્રતા દિવસની ઉજવણી

વાપી : વાપીમાં કનુ દેસાઈ વી.આઈ.એ. ઓડિટોરિયમમાં ૪૦ મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વી.આઈ.એ.ના પ્રમુખ સતિષ પટેલે સ્વતંત્રતા દિનની શુભેચ્છા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, વરસાદના કારણે વાપી અને આજુબાજુના વિસ્તારમાં લોકોને જે તકલીફ પડી તે સમયે કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં ઉદ્યોગકારો અને પાલિકાએ પૂરગ્રસ્તોના પુન:ઉત્થાન માટે જે અથાગ પ્રયત્નો કર્યા તે માટે અભિનંદન પાઠવ્યા હતા. તેમણે અનુરોધ કર્યો કે મહાનગરપાલિકા અને નોટીફાઈડ એરિયા ઓથોરિટી દ્વારા સ્વચ્છતા અભિયાન ચાલે છે તેમાં સહભાગી થઈએ.મંત્રી કનુભાઈ દેસાઈના માર્ગદર્શનમાં વાપીને સ્વચ્છ, સુંદર અને સમૃદ્ધ બનાવીએ. આ કાર્યક્રમમાં વી.આઈ.એ. ના ઉપપ્રમુખ મગન સાવલિયા, માનદ મંત્રી કલ્પેશ વોરા, સહ માનદ મંત્રી ચંદ્રેશ મારુ, વી.આઈ.એ.ના પૂર્વ પ્રમુખ પ્રકાશ ભદ્રા અને કમલેશ પટેલ, વી.આઈ.એ.ના એડવાઈઝરી બોર્ડ મેમ્બર્સ નાનુ બાંભરોલીયા અને રજનીશઆનંદ સહિતના હાજર રહ્યા હતાં. જી.આઈ.ડી.સી. ફાયર વિભાગના સભ્યો, વી.આઈ.એ. અને વી.ઈ.સી.સી.ના સભ્યોએ તિરંગાને સલામી આપી હતી.

પારડીમાં ઉજવાયો ૮૦મો સ્વતંત્રતા પર્વ

અમૃત પટેલ

પારડી: પારડીમાં પ્રમુખ ચેતન નાયકાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. એન.સી.સી.ના વિદ્યાર્થીઓએ માર્ચ પાસ્ટ કરી સલામી આપી હતી. ઉત્કૃષ્ટ કામગીરી કરનાર કર્મચારીઓને સન્માનિત કરાયા હતા. ઉપપ્રમુખ ફાલ્ગુની ભટ્ટ, કારોબારી અધ્યક્ષ ચેતન ભંડારી, બાંધકામ અધ્યક્ષ પ્રણવ દેસાઈ, ટાઉન પ્લાનિંગ ચેરમેન શિરીષ પટેલ, શહેર પ્રમુખ વિપુલ પટેલ, મહામંત્રી અશોક પ્રજાપતિ સહિતના હાજર રહ્યા હતાં. તાલુકા પંચાયતમાં પ્રમુખ કિન્નરી પટેલના હસ્તે ધ્વજવંદન કરાયું હતું. અહીં ટી.ડી.ઓ. સંદીપ ભગોરા, પ્રજ્ઞેશ પટેલ અને હેમલતા ટંડેલ, ઉપપ્રમુખ હિરેન પટેલ સહિતના મહાનુભાવો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

વાપીમાં ભાજપ અગ્રણીની હત્યાના આરોપીના જામીન નામંજૂર

વલસાડ : વાપી તાલુકા ભાજપના અગ્રણીની હત્યા કેસના આરોપીએ વાપીની ત્રીજી એડિશનલ સેસન્સ કોર્ટમાં ચાર્જશીટ ફાઇલ થયા બાદ જામીન માટે અરજી કરી હતી. જેની સૂનાવણી હાથ ધરાતા જજે ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી આ જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો હતો. વાપી ભાજપના અગ્રણી શૈલેષ પટેલની ગોળી મારી કરાયેલી હત્યા કેસના મુખ્ય સૂત્રધારે વાપીની એડિશનલ સેસન્સ કોર્ટમાં ચાર્જશીટ ફાઇલ થયા બાદ અન્ય આરોપી જામીન પર છૂટી ગયા હોવાનું જણાવી જામીન માટે અરજી કરી હતી. આ અરજીની સૂનાવણી બાદ જજે આ અરજી નામંજૂર કરતો હુકમ કર્યો હતો.

વિજલપોરમાં પાડોશીઓ વચ્ચે સામાન્ય બાબતે ખૂની ઝઘડો

નવસારી: વિજલપોરના સાંઈ બંગ્લોઝ-નકળંગ ધામ સોસાયટીમાં પાડોશીઓ વચ્ચેનો સામાન્ય વિવાદ ઉગ્ર બનીને મારામારી સુધી પહોંચ્યો હતો. અને સામસામી ફરિયાદો નોંધાવાઈ છે. આકાશ સંજય કુરપાળેની ફરિયાદ મુજબ, અમિત, યશ, વિનોદ અને ગોવિંદ ઉર્ફે ગૌરવે લાકડાના ફટકા અને ધારદાર હથિયાર વડે હુમલો કરી મારી નાખવાની ધમકી આપી હતી. જ્યારે સામે પક્ષે નયનાબેન વિનોદભાઈ પેટકુરે આકાશ, સાગર અને પ્રભા વિરુદ્ધ લાકડાના ફટકા, ઢીકાપાટુનો માર મારી ધમકી આપ્યાની સામી ફરિયાદ નોંધાવી છે. એક જ સોસાયટીમાં રહેતા પાડોશીઓ વચ્ચેનો મામલો પોલીસ સુધી પહોંચતા સ્થાનિક સ્તરે ચકચાર જાગી છે. પોલીસે કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે.

જિલ્લા કક્ષાની સ્વતંત્રતા પર્વની ઉજવણીમાં કપરાડા નાનાપોંઢા છવાયું

પૂરમાં જીવના જોખમે ૩૪ મુસાફરોના પ્રાણ બચાવનાર પોલીસ અધિકારીઓ સન્માનિત

વલસાડ : મંત્રી નરેશ પટેલની ઉપસ્થિતિ વચ્ચે યોજાયેલા જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય દિનની હર્ષોલ્લાસ સાથે ઉજવાઈ હતી. નાનાપોંઢા પી.આઈ. એમ.એન. કાતરિયા અને પો.કો.રાકેશ પટેલને મંત્રીએ પ્રસંશાપત્ર એનાયત કરતા લોકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા. અંભેટી રોહિતવાસ ખાડી નજીક 23 જુલાઈએ પાણીના પ્રચંડ પ્રવાહ અને ધસમસતા પાણી વચ્ચે ફસાયેલી બસના 34 મુસાફરોને બચાવવા પી.આઈ.એમ.એન. કાતરીયા અને પો.કો.રાકેશ પટેલે સ્થાનિકોના સહકારથી જીવની બાઝી લગાવી શરૂ કરેલું ઓપરેશન આશરે 10 કલાક બાદ એન.ડી.આર.એફ. ની ટીમ આવ્યા પહેલા 28 મુસાફરોનું રેસ્ક્યુ કરી લીધું હતું. ત્યાર બાદ એન.ડી.આર. એફ. દ્વારા બાકીના 34 મુસાફરોનું રેસ્ક્યુ કરાયું હતુ. મામલતદાર સંજય ટેલર અને ટીડીઓને પણ પૂરમાં શ્રેષ્ઠ કામગીરી માટે પ્રશંસાપાત્ર એનાયત કરાયા હતાં. ઉજવણી દરમિયાન કન્યા સાક્ષરતા સુથારપાડાની વિદ્યાર્થિનીઓ દ્વારા રજૂ કરાયેલા આદિવાસી નૃત્યની કૃતિને પ્રથમ ઈનામ પ્રાપ્ત થયું હતું.

દમણમાં 1.56 લાખ રોકડા સાથે 9 જુગારી પકડાયા

પોલીસે ચાલીના રૂમમાં દરોડો પાડી જુગાર રમતા 9 શખ્સને ઝડપી રોકડ સહિત 9 મોબાઈલ ફોન કર્યા કબ્જે

દમણ : સંઘપ્રદેશ દમણ પોલીસે ડાભેલના કેવડી ફળિયામાં છાપો પાડી એક ચાલના રૂમમાં જુગાર રમતા 9 જુગારીઓને ઝડપી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. કચીગામ પોલીસને બાતમી મળી હતી કે, કેવડી ફળિયામાં આવેલા જીનલભાઈની ચાલની બિલ્ડિંગમાં રૂમ નં. 7 માં જુગાર રમાઈ રહ્યો છે. બાતમી મળતા જ પોલીસે છાપો પાડતા 9 જુગારીઓ જુગાર રમી રહ્યા હતા. પોલીસે 9 જુગારીઓ સાથે રોકડા રૂપિયા 1.56 લાખ તથા 9 મોબાઈલ ફોન કબ્જે કરી ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જુગાર રમતા કોણ કોણ ઝડપાયું

કચીગામ કોળીવાડ નજીક આવેલા બી.એમ. કોમ્પ્લેક્સમાં રહેતો આકાશ રાજપૂત, કેવડી ફળિયામાં રહેતો ભાવિન પટેલ, કેવડી ફળિયામાં રમણની ચાલમાં રહેતો પંકજ જયવાલ, કેવડી ફળિયાના શાંતિનિકેતન બિલ્ડિંગમાં રહેતો અમિત રાય, કેવડી ફળિયાની જીનલની ચાલમાં રહેતો સુશીલ બહેરા, પાવરહાઉસ પાછળ આવેલા ભગુની ચાલમાં રહેતો સુનિલ યાદવ, જીનલની ચાલમાં રહેતો જિતેન્દ્ર દહાયત, સોમનાથ ભૂપેશની ચાલમાં રહેતો રાજન અલી તથા કેવડી ફળિયામાં રહેતો ચેતન પ્રવિણ પટેલ

નવસારીમાં પૂર સમયે ઉત્કૃષ્ટ સેવા આપનાર કર્મવીરો સન્માનિત

નવસારીના મેયરના હસ્તે રાષ્ટ્રધ્વજ વંદન, સાંસ્કૃતિક કૃતિઓ અને વિદ્યાર્થીઓના નૃત્યોએ જમાવ્યું આકર્ષણ

સ્વચ્છ સર્વેક્ષણમાં નવસારીને વધુ સારી સ્થિતિ અપાવવા નાગરિકોને સ્વચ્છતા અભિયાનમાં સહભાગી બનવા અપીલ

નવસારી : નવસારી મહાનગરપાલિકા ખાતે ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની દેશભક્તિ અને રાષ્ટ્રગૌરવના માહોલ વચ્ચે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વિવિધ સ્થળોએ શહીદોની પ્રતિમાઓને પુષ્પાંજલિ અર્પણ કર્યા બાદ દુધિયા તળાવ સ્થિત સરદાર પટેલ ભવન ખાતે મુખ્ય ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો, જેમાં મેયર અશોક ધોરાજીયાના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો.

મેયર અશોક ધોરાજીયાએ નવસારીના વિકાસની કામગીરીનો ઉલ્લેખ કરતાં શહેરને વધુ સ્વચ્છ, હરિયાળું અને આધુનિક સુવિધાઓથી સજ્જ બનાવવા મનપાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તાજેતરની પૂર હોનારત દરમિયાન નવસારીવાસીઓએ દર્શાવેલી હિંમત, એકતા અને સહકારની પણ તેમણે પ્રશંસા કરી હતી. સ્વચ્છ સર્વેક્ષણમાં નવસારીને વધુ સારી સ્થિતિ અપાવવા નાગરિકોને સ્વચ્છતા અભિયાનમાં સહભાગી બનવા અપીલ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મ્યુનિસિપલ કમિશનર જયેશ ઉપાધ્યાય, ડેપ્યુટી મેયર કેયુરીબેન દેસાઈ, સ્થાયી સમિતિના ચેરમેન મુકેશ અગ્રવાલ, શાસક પક્ષના નેતા નરેશ પુરોહિત, દંડક રાકેશભાઈ પટેલ સહિતના પદાધિકારીઓ, નગરસેવકો, અધિકારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ દેશભક્તિથી ઓતપ્રોત સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. પૂરની પરિસ્થિતિમાં જોખમ વચ્ચે કામગીરી કરનારા ફાયર વિભાગના જવાનોને વિશેષ સન્માનિત કરવામાં આવ્યા હતા. શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનારા શિક્ષકોને પણ પ્રમાણપત્ર આપી બિરદાવવામાં આવ્યા હતા.

મગોદ પંચાયતના મહિલા સરપંચના પતિ સહિત ૫ જુગારી ઝડપાયા

જુગારધામ પર પોલીસના દરોડામાં રૂપિયા ૭૮,૭૮૦ નો રોકડ મુદામાલ જપ્ત કર્યો

વલસાડ : વલસાડ તાલુકાના મગોદ ગામ પંચાયતના મહિલા સરપંચના પતિ સહિત ચાર જણા રાબડા ગામે તીન પત્તીના દાવમા રૂપિયા ૭૮,૭૮૦ જુગાર સાથે ઝડપાઈ ગયા હતા.

વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. આર.વી. ચુડાસમાને બાતમી મળી હતી કે, વલસાડ તાલુકાના રાબડા ગામના સ્કૂલ ફળિયામાં આવેલા નીતિનભાઈ રામુભાઈ રાઠોડના રહેણાંક મકાનમાં કેટલાક ઈસમો તીન-પત્તીનો હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો, જ્યાં ઘરમાં પાંચ ઈસમો ગોળ કુંડાળું વાળી ચાદર પાથરી જુગાર રમતા રંગેહાથ ઝડપાઈ ગયા હતાં.

પોલીસે વલસાડ તાલુકાના મગોદ ગામ પંચાયતના મહિલા સરપંચના પતિ કિરણભાઈ અશોકભાઈ હળપતિ (ઉ.આ.૪૬, રહે. મગોદ, મીલ ફળિયુ, વલસાડ) ઝડપાઈ ગયા હતા એમની સાથે પુનીત પ્રેમબહાદુર સોની (ઉ. ૩૭, રહે. અતુલ કંચન નગર, વલસાડ), વિશાલભાઈ વિજયભાઈ નાયકા (ઉ. ૩૩, રહે. અતુલ આમલી ફળિયુ, વલસાડ), ધર્મેશભાઈ અશોકભાઈ નાયકા (ઉ.૩૪, રહે. અટાર, સોની ફળિયા, વલસાડ), સમુકેશભાઈ છીબુભાઈ રાઠોડ (ઉ. ૩૬, રહે. ગાડરીયા સડક ફળિયા, વલસાડ), પોલીસે મુદામાલ જપ્ત કરી જુગારધારા કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.